RNI Reg. GUJGUJ/2010/44893

# મુખ્ય સમાચાર

ચોથી જાગીરનો પડકાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 36, Dt.23-04-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોર્ટને ઉઠ્ઠુ બનાવવા ગયેલા બાબા રામદેવને ફરી ફટકાર !

**ભ્રામક જાહેરાતના આરોપો બદલ તેમજ કોર્ટનો તિરસ્કાર કરવાના કેસમાં સુપ્રીમે બાબા રામદેવ અને તેમના સાથી બાલકૃષ્ણની ઝાટકણી કાઢીઃ પતંજલિ આયુર્વેદને ફરી મોટી સાઈઝમાં માફીનામુ અખબારોમાં છપાવવા કર્યો આદેશઃ કોર્ટ દ્વારા વધુ સુનાવણી 30 એપ્રિલે હાથ ધરાશે**




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બાબા રામદેવની માલિકીની પતંજલિ આયુર્વેદ, બાબા રામદેવ અને શિષ્ય બાલક્રિષ્ના પર ભ્રામક જાહેરાતોના આરોપો બદલ કોર્ટનો તિરસ્કાર કરવાના કેસ મામલે સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને બાલ ક્રિષ્નાની આકરી ઝાટકણી કરી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, શું તમારૂ માફીનામું તમારી મોટી-મોટી ફૂલપેજની ભ્રામક જાહેરાતોની સાઈઝ જેટલું જ મોટું હતું.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન પતંજલિ આયુર્વેદને ફરી મોટી સાઈઝમાં માફીનામું અખબારોમાં છપાવવા આદેશ કર્યો છે. તેમજ રામદેવ અને બાલ ક્રિષ્નાને 30 એપ્રિલે કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો છે.

રામદેવના વકીલ મુકુલ રોહતગીએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, અમે માફીનામુ રજૂ કરી ચૂક્યા છીએ. જેના પર જસ્ટિસ હિમા કોહલીએ પૂછ્યું કે, કાલે કેમ રજૂ કર્યું, હાલ અમે રજૂ કરેલા બંડલો જોઈ શકીશું નહિં. તમારે પહેલેથી જ રજૂ કરવુ હતું. જ્યારે જસ્ટિસ અમાનુલ્લાના માફીનામું ક્યા પ્રકાશિત થયું છે, તેના જવાબમાં રોહતગીએ જણાવ્યું હતું કે, ૬૭ અખબારોમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેના પર રૂ. ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. બાદમાં કોહલીએ પૂછ્યું કે, તમારી ભ્રામક જાહેરાતોની સાઈઝમાં જ માફીનામુ પ્રકાશિત કર્યું હતું, તો તેનો જવાબ રોહતગીએ ના આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરાતો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે નિયમોમાં સુધારા-વધારા કરવા બદલ સ્વાસ્થ્ય મંત્રાલયને બાનમાં લેતાં કહ્યુ હતું કે, તમે હવે નિયમ ૧૭૦ પરત લેવા માગો છો. જો તમારો આ નિર્ણય હોય તો તમે તેના પર શું કામગીરી થઈ છે. આ નિયમ રાજ્ય લાયસન્સિંગ પ્રાધિકરણની મંજૂરી વિના આયુર્વેદિક, યુનાની દવાઓની જાહેરાતો પર પ્રતિબંધ મૂકે છે. સુપ્રીમ કોર્ટે મંત્રાલયને સવાલ કર્યો હતો કે, શું તેમની પાસે વર્તમાન નિયમોનું પાલન ન કરવાની અપીલ કરવાની તાકાત છે, શું તેઓ પ્રકાશિત થતી જાહેરાતો કરતાં ટેક્સ મામલે વધુ ચિંતિત છે?

## દાઉદી વ્હોરા સમુદાયના ધાર્મિક વડા તરીકે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનની વરણી યોગ્ય

### ચાલી રહેલાં કાનૂની જંગમાં મુંબઈ હાઈકોર્ટે આપ્યો ચુકાદો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ગુજરાત સહિત દેશભરમાં વિશાળ સંખ્યા ધરાવતા દાઉદી વ્હોરા સંપ્રદાયના ધાર્મિક વડા તરીકે મુફદ્દલ સૈફુદ્દીનની નિયુક્તિને પડકારતી એક રીટ અરજી મુંબઈ હાઈકોર્ટે ફગાવી દીધી છે. ૨૦૧૪માં સંપ્રદાયના પરમાં દાઇ-અલ-મુતકલ સૈયદના મહમદ બુરહાનુદ્દીન સાહેબના નિધન બાદ તેમના વારસદાર તરીકે બીજા નંબરના પુત્ર મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની નિયુક્તિ કરવામાં આવી હતી.

જેમાં ચાલી રહેલા અદાલતી વિવાદમાં આજે મુંબઈ હાઈકોર્ટે સૈયદના મુફદ્દીન સૈફુદ્દીનની દાઉદી વ્હોરા સમુદાયના વડા તરીકે નિયુક્તિને બહાલ રાખી છે તથા તેમના પિતરાઇ તાહેર ફખરૂદ્દીનના દાવાને ફગાવી દીધો છે. આ સાથે ૨૦૧૪ બાદ જે વિવાદ શરૂ થયો હતો તેનો અંત આવ્યો છે.



દાઉદી વ્હોરા સીયા મુસ્લિમ એક ધાર્મિક સંપ્રદાય છે અને ભારતમાં તેના પાંચ લાખથી વધુ અનુયાયી છે અને દુનિયાભરમાં ૧૦ લાખથી વધુ સદસ્યો છે. તેના ધાર્મિક વડાને દાઇ-અલ-મુતકલ તરીકે ઓળખવામાં આવે છે અને સૈયદના સાહેબ પણ કહેવાય છે. જેમાં પરમાં સૈયદના સાહેબ મહમદ બુરહાનુદીનનું નિધન તથા તેમના વારસદાર તરીકે તેમના પુત્ર મુફદ્દલ સૈફુદ્દીનની નિયુકિત કરવામાં આવી છે જેની સામે પિતરાઇ અને તેમના પુત્રએ અદાલતી જંગ માંડયો હતો."

દાઉદી વ્હોરા સિધ્ધાંત મુજબ ઉતરાધિકારીની નિયુકિત એક ઇશ્વરીય પ્રેરણાના માધ્યમથી કરવામાં આવે છે અને તે સમુદાયમાં કોઇપણ યોગ્ય વ્યકિતને 'નસ' વારસદાર તરીકે ગણવામાં આવે છે અને તેમાં લગભગ એક દસકાની લાંબી લડાઇ બાદ સૈયદના મુફદલ સૈફુદીનની પંથના વડા તરીકે નિયુકિતને માન્ય રાખવામાં આવી છે.લગભગ એક દસકાની લડાઇમાં સંપ્રદાયના અનેક સિધ્ધાંતો અને નિર્ણયોને ટાંકવામાં આવ્યા હતા જેમાં ન્યાયમૂર્તિ ગૌતમ પટેલે તેના આખરી ચુકાદામાં સૈયદના મુફદલ શૈફુદીનની નિયુકિતને માન્ય રાખી છે અને આ સાથે હાલ વિવાદનો અંત આવ્યો છે.

## મલેશિયામાં નેવી પરેડના રિહર્સલ સમયે બે હેલિકોપ્ટરની ટક્કરઃ ૧૦ના મોત

### મલેશીયામાં નેવી ડેની ઉજવણીના રિહર્સલમાં દુર્ઘટનાઃલુમુતના નૌકાદળના મથકે જ આ દુર્ઘટના સર્જાઇ હતી

**મુખ્ય સમાચાર, કવાલાલુમ્પુર**

મલેશીયામાં રીયલ મલેશીયન નેવી પરેડના રિહર્સલ વખતે બે હેલીકોપ્ટર સામસામા ટકરાઇ ગયા હતા તેમાં ૧૦ લોકોના મોત નિપજયા હતા. લુમુતના નૌકાદળના મથકે જ આ દુર્ઘટના સર્જાઇ હતી.

મલેશિયન નૌકાદળે જ સતાવાર નિવેદનમાં એમ કહ્યું હતું કે, નેવી પરેડના રિહર્સલમાં સામેલ એમ૫૦૩-૩ અને એમ ૫૦૨-૬ હેલીકોપ્ટર હવે સામસામી ટકકર થઇ હતી. એક હેલીકોપ્ટરમાં ૭ અને બીજામાં ૩ લોકો સવાર હતા. નેવીના ૯૦માં સ્થાપના દિનની ઉજવણી માટે આ રિહર્સલ યોજવામાં આવી રહ્યું હતું.



બે હેલિકોપ્ટર વચ્ચેની અવકાશી ટકકરનો ૨૧ સેકન્ડનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. આકાશમાં અધવચ્ચે જ ટકકર બાદ બંને હેલીકોપ્ટર જમીન પર ખાબકી પડતા હોવા સુધીનો ઘટનાક્રમ વિડીયોમાં દેખાઇ રહ્યો છે. રીહર્સલ વખતે મેદાન પર મોટી સંખ્યામાં નેવીના જવાનો હાજર હતા. દુર્ઘટના બાદ હેલીકોપ્ટરો નીચે પડતા નાસભાગ મચી ગઇ હતી અને ગણતરીની મીનીટોમાં જ રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરોનો કાટમાળ હટાવવામાં આવ્યો હતો પરંતુ ૧૦માંથી એક પણ વ્યકિતને બચાવી શકાઇ ન હતી.

## ચારધામ યાત્રા માટે ૧૩ લાખ લોકોનું રેકોર્ડ બ્રેક રજિસ્ટ્રેશન, ૧૦મી મેથી ઊમટશે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડમાં ૧૦મી મેથી ચારધામ યાત્રા શરૂ થાય તે પહેલા શ્રદ્ધાળુઓના રજિસ્ટ્રેશનનો રેકોર્ડ તુટી ગયો છે. પ્રવાસન વિભાગે ૧૫ એપ્રિલથી રજિસ્ટ્રેશન શરૂ કર્યા બાદ એક સપ્તાહમાં રજીસ્ટ્રેશનની સંખ્યા ૧૨.૪૮ લાખ પર પહોંચી ગઈ છે.

પ્રવાસન વિભાગના રિપોર્ટ મુજબ કેદારનાથ માટે ૪,૨૨,૧૨૯, બદરીનાથ ધામ માટે ૩,૫૬,૭૧૬, ગંગોત્રી ધામ માટે ૨,૩૧,૯૮૩, યમુનોત્રી ધામ માટે ૨,૧૯,૬૧૯ અને હેમકુંડ સાહિબ માટે ૧૭,૬૮૪ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

ગત વર્ષે લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. સૌથી મહત્વની વાત એ છે કે, ચારધામ યાત્રા માટે સૌથી વધુ રવિવારે એક લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, કેદારનાથ, યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ ૧૦ મેએ ખુલવાના છે, જ્યારે તેના બે દિવસ બાદ બદરીનાથ ધામના કપાટ ૧૨ મેએ ખોલવામાં આવશે.



## આવતીકાલથી ફરી કાળઝાળ ગરમીનો રાઉન્ડ શરૂ થશેઃ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે આવતીકાલથી ફરી પવનની દિશા બદલાશે અને ઉત્તર પૂર્વના સુકા પવનો શરૂ થશે આથી આવતીકાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશઃ વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.30 સુધી ગરમી વધશે અને ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

દરમ્યાન ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે રાજકોટમાં ૩૮.૬, સુરેન્દ્રનગરમાં ૩૮.૭, પોરબંદરમાં ૩૪ તથા અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨,



ભૂજમાં ૩૭.૬, છોટા ઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગરમાં ૧.૨ ડિગ્રીના આંશિક ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. દિવસભર તીવ્ર ગતિએ પવન ફૂંકાવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી વધ્યું હતું. જામનગરમાં છેલ્લા પાંચેક દિવસથી તેજીલા- પવન ફૂંકાવાનો દૌર ચાલી રહ્યો છે. જે મંગળવારે પણ યથાવત રહ્યો હતો. શહેરમાં પવનની ગતિ પ્રતિકલાકની ૧૨.૨ કિ.મી.ની રહેવા પામી હતી. શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમીયાન નહીંવત ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી પારો નોંધાયો હતો.

જયારે અઢી ડિગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૨ કિમિ નોંધાઇ હતી. શહેરમાં તેજીલા વાયરાઓની સાથે-સાથે મિશ્ર વાતાવરણનો દોર પણ ચાલી રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડક તો બપોરે ગરમી અનુભવાઈ રહી છે. ઠંડી અને ગરમીભરી મિશ્ર ઋતુની વિપરીત અસર લોકોના સ્વાસ્થ્ય પર પણ પડી. રહી છે. જેના કારણે તાવ સહિતના કેસમાં વધારો થયો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું. પવનને કારણે સવારે અને રાત્રિના લોકોએ ઠંડક અનુભવી હતી. બપોરે ગરમી અને સવારે ઠંડકને કારણે મિશ્ર ઋતુ જોવા મળી રહી છે.

## વેંકૈયાનાયડુ સહિત ૩ને પદ્મવિભૂષણઃડો. તેજસ પટેલ, મિથુન ચક્રવર્તી સહિત ૧૭ને પદ્મભૂષણ, ૧૧૦ને પદ્મશ્રી મળ્યા

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને પદ્મવિભૂષણ અને અભિનેતા મિથુન ચક્રવર્તીને પદ્મભૂષણથી સન્માનિત કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાષ્ટ્રપતિ ભવન ખાતે સોમવારે સાંજે પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. આ સન્માનોની જાહેરાત ૨૫ જાન્યુઆરીએ કરવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પહેલા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, બિંદેશ્વર પાઠક (મરણોત્તર) અને પદ્મ સુબ્રહ્મણ્યમને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. બિંદેશ્વર પાઠકનાં પત્ની અમોલા પાઠકે એવોર્ડ મેળવ્યો હતો.

આ પછી ગુજરાતના જાણીતા તબીબ ડો. તેજસ પટેલ, અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયક ઉષા ઉથુપ અને સીતારામ જિંદાલ સહિત કેટલાક લોકોને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો હતો. આ સિવાય મનોહર કૃષ્ણ ડોલે અને રામચેત ચૌધરી સહિતની કેટલીક હસ્તીઓને પદ્મશ્રી આપવામાં આવ્યો



હતો.

આ વખતે ૨૦૨૪ માટે ૫ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ લોકોને પદ્મ ભૂષણ અને ૧૧૦ લોકોને પદ્મ શ્રીથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આજના સમારોહમાં આમાંથી કેટલીક હસ્તીઓનું સન્માન થઈ શક્યું નથી, તેમનું આગામી સપ્તાહે સન્માન કરવામાં આવશે.

૨૦૨૪ માટે પદ્મશ્રી એવોર્ડ એવા લોકોને આપવામાં આવી રહ્યો છે, જેઓ અત્યારસુધી અનામી હતા. આમાં દેશની પ્રથમ મહિલા મહાવત પાર્વતી બરુઆ અને જગેશ્વર યાદવનાં નામનો સમાવેશ થાય છે, બંને આસામનાં રહેવાસી છે.

આ સિવાય લિસ્ટમાં ચાર્મી મુર્મુ, સોમન્ના, સર્વેશ્વર, સંગમ સહિત ઘણાં મોટાં નામ છે. પદ્મ પુરસ્કાર વિજેતાઓમાં 30 મહિલા છે. આમાં વિદેશી/NRI/PIO/OCI શ્રેણીના ૮ લોકો પણ છે. ૯ સેલિબ્રિટી છે જેમને મરણોત્તર એવોર્ડ આપવામાં આવી રહ્યા છે. પદ્મ ભૂષણ મળવા પર એક્ટર મિથુન ચક્રવર્તીએ કહ્યું, 'હું ખૂબ જ ખુશ છું. મેં મારા જીવનમાં ક્યારેય કોઈ પાસેથી મારા માટે કંઈ માગ્યું નથી. જ્યારે મને ફોન આવ્યો કે તમને પદ્મ ભૂષણ આપવામાં આવી રહ્યો છે, ત્યારે હું એક મિનિટ માટે મૌન બની ગયો, કારણ કે મને તેની અપેક્ષા નહોતી.

## હોંગકોંગમાં એવરેસ્ટ અને MDH મસાલા પર પ્રતિબંધઃબંને કંપનીના મસાલામાં જંતુનાશકોનું પ્રમાણ વધુ, તેનાથી કેન્સરનું જોખમ વધે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હોંગકોંગે ખઉઇ પ્રાઇવેટ લિમિટેડ અને એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ લિમિટેડના કરી મસાલાના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. બંને કંપનીઓના ઉત્પાદનોમાં કાર્સિનોજેનિક જંતુનાશક ઇથિલિન ઓક્સાઈડની વધુ માત્રાની હાજરીને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઉત્પાદનોમાં આ જંતુનાશકની વધુ માત્રાને કારણે કેન્સરનું જોખમ રહેલું છે. હોંગકોંગ પહેલા સિંગાપોરના સત્તાવાળાઓએ પણ એવરેસ્ટના ફિશ કરી મસાલાને આ જ કારણસર બજારમાંથી પરત મંગાવવાનો આદેશ જાહેર કર્યો હતો.

હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે MDH ગ્રુપના ત્રણ મસાલા મિક્સ - મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા પાવડર અને કરી પાવડરમાં કાર્સિનોજેનિક જંતુનાશક ઇથિલિન ઓક્સાઇડનું પ્રમાણ વધુ હોવાનું જણાયું હતું. રૂટીન સર્વેલન્સ પ્રોગ્રામ હેઠળ એવરેસ્ટની ફિશ કરી મસાલામાં પણ આ જંતુનાશક મળી આવ્યું છે.




ઇન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર એ ઇથિલિન ઓક્સાઇડને ગ્રુપ ૧ કાર્સિનોજેન તરીકે વર્ગીકૃત કર્યું છે. ખાદ્ય નિયમો અનુસાર, જંતુનાશકો ધરાવતો ખોરાક માનવ વપરાશ માટે ત્યારે જ વેચી શકાય છે જો ખોરાક જોખમી અથવા સ્વાસ્થ્ય માટે હાનિકારક ન હોય.

વિભાગે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે CFS એ વિક્રેતાઓને અનિયમિતતાઓ વિશે જાણ કરી છે અને તેમને વેચાણ બંધ કરવા અને આ ઉત્પાદનોને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. CFSની સૂચના મુજબ, વિતરકો અને આયાતકારોએ અસરગ્રસ્ત ઉત્પાદનોને પાછા બોલાવવાનું શરૂ કરી દીધું છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં કેસરીનંદનના જન્મના વધામણાઃ ભક્તોના ઘોડાપુર ઉમટયા




(તસ્વીરઃ આનંદ જાવિયા)
































આજે કેસરીનંદન હનુમાનજી મહારાજનો પ્રાગટયોત્સવ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે. આ વખતે યોગાનુયોગ હનુમાનજી મહારાજનો મંગળવાર છે તેથી ભકતોમાં બેવડો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં બાલાજી હનુમાનજી મંદિર, બાલક હનુમાનજી મંદિર, સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર, બડે બાલાજી (સુતા હનુમાન-સોરઠીયાવાડી ચોક, કોઠારીયા મેઈન રોડ) સહિતના મંદિરો, દેરીઓમાં આજે હનુમાન જયંતીની ઉમંગભેર ઉજવણી થઇ રહી છે. બાલાજી હનુમાનજી મંદિરે ૫૧ કુંડી મારૂતિ યજ્ઞ, મહાઆરતી સહિતના આયોજનો થયા છે. બપોર પણ બડા બજરંગ સંસ્થા દ્વારા ભવ્યાતિત શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ હનુમાનમય બન્યું છે.આજે સવારથી જ મારૂતિ નંદનના જન્મોત્સવના વધામણા કરવા ભક્તોએ હનુમાનજી મંદિરે લાઈનો લગાવી હતી. શહેરના મુખ્ય એવા આસ્થા પ્રતિક સમા બાલાજી મંદિર, પેડક રોડ પર આવેલ બાલક હનુમાનજી મંદિર, કુવાડવા રોડ પર આવેલ સાત હનુમાન મંદિરએ હનુમાનજીને અનોખો શણગાર કરાયો હતો. જયારે સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક કેસરી નંદનના જન્મોત્સવને અનોખી રીતે ઉજવવામાં આવ્યો છે.

## અમીન માર્ગ પર સોળેશ્વર મહાદેવ મંદિર પાસે ટાંકામાં ડૂબી જતાં યુવાનનું મોત





શહેરના કાલાવડ રોડ ફાયર સ્ટેશનની ટીમ દ્વારા કોલ મળતાં અમીન માર્ગ પર આવેલ સોળેશ્વર મહાદેવ મંદિર પાસે રહેણાંક વિસ્તારમાં એક યુવાન ભોં તળીયે આવેલાં પાણીના ટાંકામાં ડૂબી ગયાની જાણ થતાં ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા રેસ્કયુ કરી મહેશભાઈ ચૌહાણ નામના વ્યક્તિને પાણીના ટાંકામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતાં તબીબોએ મહેશભાઈ ચૌહાણ નામના વ્યક્તિનું મોત થયાનું જાહેર કરતાં પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો.

## અમીન માર્ગના છેડે આવેલ ફુડ પોસ્ટમાંથી અખાદ્ય સામગ્રી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ પોસ્ટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, અમીન માર્ગને છેડે, ગિરિરાજ હોસ્પિટલ સામે, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ ૪૫ કિ.ગ્રા., ફ્રીઝમાં રાખેલ સલાડ, ગ્રેવી ૫ કિ.ગ્રા. તથા એક્સપાયરી થયેલ બેકરી પ્રોડક્ટસ ૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સિટી આઇસ્ક્રીમ, આશરા ચેમ્બર, રૈયા રોડ, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર ફ્રિઝમાં સંગ્રહ કરેલ એકપાયરી ડેટ વગર કે ઉત્પાદન ની વિગતો દર્શાવ્યા વગરની





પડતર રહેલ રાજ બ્રાન્ડ કેન્ડી વાસી અખાદ્ય જણાતા કુલ ૧૦૦ નંગ પેકિંગ સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ઉનાળાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ આઈસ ગોલા વેચાણ કરતાં એકમોના ચેકિંગ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા નીચે મુજબની વિગતે દર્શાવેલ કુલ-૧૨ એકમોની તપાસ કરવામાં આવેલ તેમજ બરફ ગોલામાં ઉપયોગ કરવામાં આવતી પડતર રહેલ માવાની રબડીનો કુલ ૨૧ કિ.ગ્રા. જથ્થો નાશ કરવામાં આવેલ તથા બરફ ગોલાના ફ્લેવર સીરપના કુલ -૦૩ નમૂના લેવામાં આવેલ.

(૦૧)આઝાદ હિન્દ ગોલાવાળા (ત્રિકોણ બાગ પાસે) -પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ (૦૨)રામ ઔર શ્યામ ગોલાવાલા (પેલેસ રોડ) - પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ (૦૩)ગાત્રાળ આઈસગોલા (બોલબાલા માર્ગ) - પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ (૦૪)રામ ઔર શ્યામ ગોલાવાલા (ભક્તિનગર સર્કલ, ભક્તિનગર રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા અંગે નોટિસ (૦૫)રામ ઔર શ્યામ ગોલાવાલા (વીરભગતસિંહ શોપિંગ સેન્ટર, કોઠારીયા રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ.

## વીરપુરમાં પોસ્ટ માસ્ટરે ઓફિસમાંથી કરી રૂપિયા ૧૨.૬૫ લાખની ઉચાપત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લાના વીરપુર ગામે પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા પોસ્ટ માસ્ટરે ઓફિસમાંથી રૂપિયા ૧૨.૬૫ લાખની ઉચાપત કરતા વીરપુર પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગોંડલ હેડ પોસ્ટ ઓફિસ માં ફરજ બજાવતા કર્મચારીએ ગોંડલ માં રહેતો અને તારીખ ૨૭ ૫ ૨૦૨૨ થી તારીખ ૧૭ ૮ ૨૦૨૩ દરમિયાન વીરપુર પોસ્ટ ઓફિસમાં ઇન્ચાર્જ સબ પોસ્ટ માસ્ટર તરીકે સરકારી ફરજ બજાવતો વિશાલ વિજય ગોંડલીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે પોસ્ટ ઓફિસમાં ગ્રાહકોના કિસાન વિકાસ પત્ર ના ખાતા ખોલાવી જેના પૈસા જમા કરાવવાના હોય પરંતુ આ શકશે અરજદારોના ખાતામાં રકમ જમા નહીં કરાવી કુલ ૧૨.૫ લાખ ની રકમની ઉચાપત કરી હોય જેથી વીરપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઇ એસવી ગર્જરે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નવાગામમાં જાહેરમાં વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા સાત ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના છેવાડે આવેલા નવાગામ બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વર્લી આંકડાનો જુગાર રમતા સાત જુગારીઓને દબોચી પોલીસે તેમની પાસેથી રૂા.૧૮૭૦૦ની રોકડ કબ્જે કરી ધારાધોરણની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની વિગત અનુસાર, બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમીના આધારે નવાગામ બસ સ્ટેશન નજીક આવેલા એચ.એમ ટ્રાન્સપોર્ટ પાસે જાહેરમાં વર્લી આંકડાનો જુગાર રમતા વિશાલ ઝાપડા,હરજી જાડા, લખમણ ધામેચા, જગા રાઠોડ, નિલેશ જોષી, ધનજી વડોલીયા, ફિરોઝ ધાડાની ધરપકડ કરીને આરોપીઓ પાસે રહેલી રૂા.૧૮૭૦૦ રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

## શાપર વેરાવળ અને વિંછીયાના પીપરડી ગામે જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઇવે પર આવેલા સાપર વેરાવળમાં વ્રજવાટિકા સોસાયટી ના છેવાડે જાહેરમાં જુગાર રમતો શૈલેષ દિલીપ આદ્રોજા કેતન પ્રભાસ સોડીયા પરેશ પોપટ વેકરીયા ગંભીરસિંહ બહુભા સોલંકી સહિત ચાર શખ્સોને હેડ કોન્સ્ટેબલ ટીએ જાડેજા સહિતના સ્ટાફે જુગાર રમતા દબોચી લઈ રોકડા રૂપિયા ૩૬,૬૪૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે જ્યારે અન્ય એક બનાવમાં વિછીયા પોલીસના હેડ કોન્સ્ટેબલ ા દ ડાંગર સહિતના સ્ટાફે પીપરડી ગામની સીમમાં સરકારી ખરાબ અને જમીનમાં જાહેરમાં જુગાર રમતો ભગીરથ રણુ ખાચર ભરત છગન શાહ અને વાલજી ભલા રાઠોડ સહી ત્રણ શખ્સોને દબોચી લઈ રોકડા રૂપિયા ૧૭,૧૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## કોઠારિયા રોડ પર માસ્તર સોસાયટીમાં કારખાનેદારનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં માસ્તર સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષિય કારખાનેદાર ભાવેશ વેકરીયા એ ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લેતાં પરિવારમાં ઘેરો શૌક છવાયો હતો.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ પર આવેલી માસ્તર સોસાયટીમાં આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા અને સોરઠિયા વાડીમાં હાર્ડવેરનું કારખાનું ધરાવતા ૫૫ વર્ષિય ભાવેશભાઈ બચુભાઈ વેકરીયા ઘરે હતા ત્યારે પોતાના ફ્લેટમાં આવેલ સ્ટોર રૂમના પંખામાં દોરડું બાંધીને ગળાફાંસો ખાઇ લીધો હતો. ભાવેશભાઇની પુત્રવધૂ દ્વારા રૂમનો દરવાજો ખોલતા પરિવારમાં હડકંપ મચી જવા પામી હતી. બનાવ અંગે જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પ્રશાંતસિહ ગોહિલ ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી જરૂર કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક ભાવેશભાઈ ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કેકેવી હોલ પાસે વાહનનું હોર્ન વગાડવા બાબતે યુવાન પર પાંચ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા નાણાવટી ચોક પાસે આરએમસી કોટર માં રહેતો હિમાંશુ મુકેશભાઈ મૂલ્યા નામના યુવાને યુનિવર્સિટી પોલીસમાં અજાણ્યા પાંચ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે કે કેકેવી ચોકથી ઇન્દિરા સર્કલ વચ્ચે ના રસ્તા પર ઉદય ઓટો કન્સલ્ટ નામની ઓફિસ પાસે હતો ત્યારે ત્રણ સવારી બુલેટ માં આવેલા શખ્સો વોરન વગાડતા હોય જેથી ના કહેતા સાહેબ અનિલભાઈ અરજણભાઈ વગેરે અને શૈલેષ જીતુભાઈ વાંઝા સહિત ત્રણે યુવાનો પર અજાણ્યા પાંચ શખ્સોએ ધોકા વડે હુમલો કરી મોબાઈલ ની ડિસ્પ્લે તોડી નાખી રૂપિયા ૨૫૦૦ નું નુકસાન કરી નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટની મેંગો માર્કેટમાં કેસર કેરીનું લુમેઝુમે આગમન






(તસ્વીરઃ આનંદ જાવિયા)

કુવાડવા રોડ પર આવેલ રાજકોટની મેંગો માર્કેટમાં તાલાલાની કેસર કેરીનું વિપુલ પ્રમાણમાં આગમન થતાં કેરીના ચાહકો માટે આનંદના સમાચાર સાંપડ્યા છે. થોડા દિવસ પહેલાં જ ૨૦૦૦ પેટી કેસર કેરીની હરરાજી થયા બાદ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કેસર કેરીનું ઝડપભેર આગમન થયું હતું. ઉનાળાની શરૂઆતમાં હાફુસ બાદ હવે એપ્રિલના મધ્ય ભાગમાં કેસર કેરીનું આગમન થતાં બજારોમાં કેરીના ભાવ ઘટવાની સંભાવના છે. વર્તમાન માર્કેટમાં હાફુસ કેરીના કિલોના ૧૭૫ થી રૂા.૨૦૦ ચાલી રહ્યા છે. જ્યારે કેસર કેરી પ્રતિ કિલો ૧૫૦ થી રૂા.૨૦૦ વચ્ચે વેચાણ થઈ રહ્યું છે.

## કપડા ધોતી વેળાએ પાણીની કુંડીમાં પડી જતા મહિલાનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં નવા દોઢ સો ફટ રીંગ રોડ ઉપર આવેલા ખોખડદળ પાસે માવતરમાં લગ્ન પ્રસંગમાં આવેલી પરિણીતા કપડાં ધોતી હતી. ત્યારે તેણીને આચકી આવતા પાણી ભરેલી કુંડીમાં પડી ગઈ હતી. પરિણીતાનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ નવા દોઢ સો ફૂટ રીંગ રોડ ઉપર આવેલા ખોખડદળ પાસે માલિયાસણ જતા રોડ ઉપર જ્યોતિબેન રાયધનભાઈ મેટાવીયા નામની ૨૫ વર્ષની પરિણીતા કપડા ધોતી હતી ત્યારે અકસ્માતે પાણીની કુંડીમાં પડી ગઈ હતી. આ ઘટના અંગે જાણ થતા પરિવાર દ્વારા જ્યોતિબેન મેટાવીયાને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં જ્યોતિબેન મેટાવીયા માવતરમાં લગ્ન પ્રસંગમાં આવી હતી અને કુંડી કાઠે કપડાં ધોતી હતી ત્યારે તેણીને આચાલવાકી આવતા પાણી ભરેલી કુંડળીમાં પડી જતા મોત નીપજ્યું હોવાનું અને જ્યોતિબેન મેટાવીયાને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અનુ. જાતિ યુવાનને ઢોર મારમારી હત્યા કરનાર એએસઆઈ અંતે ઝડપાયો

### ક્રાઈમ બ્રાંચને શરણે થતાં તેનો કબ્જો માલવીયાનગર પોલીસને સોંપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના આંબેડકરનગરમાં પિતા- પૂત્રના ઝઘડામાં આવેલ પોલીસ પાસે સમાધાન કરવા ગયેલ યુવકને પોલીસે ઢોર માર મારતા હત્યાની કોશિષનો ગુનો નોંધાયા બાદ સારવારમાં યુવકનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો માલવિયાનગર પોલીસે એટ્રોસિટી, હત્યાની કલમનો ઉમેરો કરી શોધખોળ શરૂ કરી હતી દરમિયાન એએસઆઈ ડીસીબી સમક્ષ હાજર થતા અટકાયત કરી પોલીસે આજે કોર્ટમાં રજુ કરશે.



માલવિયાનગર પોલીસને કબ્જો સોપતા

આ અંગેની માહિતી મુજબ શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હોય અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ ઉ.૩૪ સમાધાન માટે ત્યાં ગયા હતા ત્યારે ફરજ પરના પોલીસમેનએ તેને ત્યાં મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઇ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર પોલીસે અજાણ્યા સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો દરમિયાન ૧૬ તારીખે સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો અને કડક કાર્યવાહીની માંગ સાથે મૃતદેહ સાથે પરિવારે હોસ્પિટલ ચોકમાં વિરોધ નોંધાવ્યો હતો.

પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરી માર મારી હત્યા કરનાર એએસઆઈ અશ્વિનભાઈ જેઠાભાઈ કાનગડને પકડવા ત્રણ ટીમો દોડાવી હતી સપ્તાહ પછી આજે અશ્વિન કાનગડ ડીસીબી સમક્ષ રજુ થતા પીઆઈ ગોંડલીયા સહિતે અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપ્યો હતો એસીપી બી જે ચૌધરીએ જણાવ્યું હતું કે વધુ તપાસ અર્થે આરોપીને આજે કોર્ટમાં રજુ કરવામાં આવશે.

## શહેરની ભાગોળે ટેન્કરમાંથી સીંગતેલ ચોરી કરવાનું કૌભાંડ ઝડપાયું

### ગોંડલથી સીંગતેલ ભરી પાલનપુર જતી વેળાએ ટેન્કર ચાલકે બેટી ગામ પાસે ચોરી કરતા પોલીસે ઝડપી લીધોઃ રૂા.૪૪.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલથી પાલનપુર જતાં સીંગતેલ ભરેલા ટેન્કરને રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર બેટી ગામ નજીક ઊભું રાખી સિંગતેલ ભરેલા ટેન્કરમાંથી સીંગતેલની ચોરીના કૌભાડનો એરપોર્ટ પોલીસે પર્દાફાશ કરી ટેન્કરના ચાલકને ઝડપી લીધો , હતો. જ્યારે સ્થાનિક શખ્સ ફરાર થઈ ગયો હતો. પોલીસે રૂ.૧૦,૫૦૦ ની કિંમતનું ૭૦ કિલો સીંગતેલ બે કેરબા તથા સીંગતેલ ભરેલું ટેન્કર સહિત રૂ.૪૪.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલા ટેન્કર ચાલકની પૂછપરછ કરતા નાસી જનાર શખસ બેટી રામપરા ગામમાં રહેતો જીવરાજ મકવાણા હોવાનું ખૂલ્યું હતું.તે સિંગતેલ ચોરી કરી તે ડબ્બો અડધા ભાવે એટલે કે રૂ.૧૫૦૦માં




વેચતો હતો. બેટી ગામ નજીક રાત્રે અવાવરૂ જગ્યા પાર્ક કરેલું ટેન્કર નંબર જીજે. ૩ બીવી-૯૬૩૮ જેમાં સીંગતેલ ભરેલું હોય તે, ટેન્કરમાંથી બે શખ્સો તેલની ચોરી કરતા હતા ત્યારે જ એરપોર્ટ પોલીસ ત્રાટકી હતી.

ટેન્કરમાંથી સીલ તોડી તેમાંથી સીંગતેલના ડબ્બા ભરીને ચોરી કરતો ટેન્કરનો ચાલક ધર્મેન્દ્ર રામલક્ષ્મણ બાઈકા પકડાઈ ગયો હતો. જ્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. એરપોર્ટ પોલીસે રૂા.૧૦,૫૦૦ ની કિંમતના ૭૦ કિલોગ્રામ સીંગતેલ સ્થાનિક શખ્સ ફરારઃ રૂા.૪૪.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ ભરેલા બે કેરબા સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ટેન્કર ચાલકની પુછપરછ કરતાં આ રેકેટનો પર્દાફાશ થયો હતો. ગોંડલ જામવાડી જીઆઈડીસીમાં આવેલા તુલસી ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાંથી સીંગતેલ ભરીને મધર ડેરી પાલનપુર જી.આઈ.ડી. સી. નંદીસર લઈ જવાનું હતું. પોલીસને જોઈ ભાગી જનાર બેટી રામપરા ગામનો જીવરાજ સામતભાઈ મકવાણા હતો.

ટેન્કર ચાલકની ધર્મેન્દ્ર ટેન્કરના ટાંકાના વાલનું શીલ તોડી તેમાંથી સીંગતેલ કેરબામાં ભરીને બેટી રામપરાના જીવરાજ મકવાણાને એક કેરબો રૂા. ૧૫૦૦ લેખે આપતો હતો. અને જીવરાજ તેમાં પોતાનું કમિશન ચડાવી વેંચી નાખતો હતો. પોલીસે રૂા. ૪૪,૪૭,૪૬૯નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરી પી.આઈ. જે.એસ. ગામીતના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.કે. રાઠોડ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

## રૂા.આઠ લાખનો વિદેશી દારૂ ભરેલું આઈસર રાજકોટ પહોંચે તે પહેલાં જ સુરેન્દ્રનગર એલસીબીના હાથે ઝડપાયું

### લખતર–સુરેન્દ્રનગર હાઈ–વે પર આઈસર સાથે પોલીસે એક શખ્સને દબોચી લઈ રૂા.૧૮.૦૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગર એલસીબી ટીમને લખતરથી સુરેન્દ્રનગરના રસ્તે વિદેશી દારૂ આઈસર ટ્રકમાં આવતો હોવાની બાતમી મળતા દેદાદરા પાટીયા પાસે વોચ રખાઈ હતી.

જેમાં રાજસ્થાનના મોટા ભાઈએ ભરી આપેલો દારૂ લઈ આવતો નાનો ભાઈ દારૂ, ટ્રક, મોબાઈલ સહિત રૂ. ૧૮,૦૬,૦૯૦ની મત્તા સાથે પકડાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લા એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ બી.એલ. રાયઝાદા સહિતની ટીમ શુક્રવારે મોડી સાંજે પેટ્રોલિંગ કરી રહી હતી. જેમાં સ્ટાફના આર.જી.ઝાલા અને પરીક્ષીતસીંહને લખતરથી સુરેન્દ્રનગર તરફ આવતી આઈશર ટ્રકમાં દારૂ હોવાની બાતમી મળી હતી. આથી સ્ટાફના ગોપાલસિંહ, દશરથભાઈ સહિતનાઓને સાથે રાખી વોચ રખાઈ હતી.




જેમાં છીંકણી કલરનું આઈસર આવતા તેને રોકી પુછપરછ કરતા ડ્રાયવરે આઈસરમાં સોયાબીજ અને જલજીરા હોવાનું જણાવ્યુ હતુ. જયારે પોલીસે બાંધેલી તાડપત્રી હટાવી તપાસ કરતા વિવિધ આથી પોલીસે ચાલક રાજસ્થાનના જોધપુરના મુકેશ બાબુલાલ પરીહારને દારૂની ૧૮૬૦ બોટલ કિંમત રૂ. ૮,૫૭,૮૯૦, રૂ. ૯ લાખની આઈસર ટ્રક, મોબાઈલ ફોન, રૂ. ૪૧,૯૦૦ના સોયાબીજ અને જલજીરાના કાર્ટુન સહિત રૂ. ૧૮,૦૬,૦૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલ આરોપીની પ્રાથમીક પુછપરછમાં આ દારૂ જોધપુરથી તેના મોટાભાઈ ભગીરથ બાબુલાલ પરીહારે ભરી આપ્યો હોવાનું તથા રાજકોટ પહોંચાડવાનો હોવાનું ખૂલ્યુ હતુ. પોલીસે બન્ને સામે વઢવાણ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નાગકડા ગામના વોકળામાંથી બિયરના ૨૦ નંગ મળી આવ્યા ધજાળા પોલીસ દારૂ બાબતે પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન નાગડકા ગામના યુવરાજ ભાઈ બાબભાઈ ખાચર વિદેશી દારૂ લાવી અને વેચતા હોવાની બાતમી મળીહતી. આથી ધજાળા પોલીસના આર.ડી. ભરવાડ, એ.ડી. ઝાલા, ફુલદિપસિંહ રાઠોડ સહિત પોલીસ કર્મીઓએ રાણપુર જવાના કાચા માર્ગે આવેલી યુવરાજભાઈની વાડીએ રેડ કરી હતી.

પરંતુ વાડીમાં કોઈ શખસ જોવામાં ન આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વાડીની બાજુમાં આવેલા વોકળામાં તપાસ કરતા રૂ. ૨૦૦૦ની કિંમતના ખાખી કલરના પુઠામાં ૨૦ નંગ બિયર મળી આવ્યા હતા. આથી પોલીસે યુવરાજભાઈ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## ભગવતીપરામાં નામચીન શખ્સ પિસ્તોલ સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચુંટણી પૂર્વે ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા પોલીસ દ્વારા હાથ ધરેલ ચેકિંગ દરમિયાન ભગવતીપરાના કુખ્યાત શખ્સને બી ડિવિઝન પોલીસે પિસ્તોલ સાથે પકડી લીધો હતો. રાજકોટના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ તેમજ મારામારી સહિતના ૮ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ભગવતીપરાના સાજિદ ઉર્ફે સાજલો યુસુફ દલને બી ડિવિઝન પોલીસ મથકના હેડકોન્સ્ટેબલ રાજશભાઈ



બાળા, કોન્સ્ટેબલ ભાનુશંકર ધાંધલા તથા રાજદિપભાઈ પટગીર સહિત સ્ટાફે બાતમીના આધારે પિસ્તોલ અને બે કર્ટિસ સાથે કબીર વાડી નજીકથી ઝડપી લીધો હતો.

બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ. એસ.એમ.જાડેજા, પીએસઆઈ કે.ડી. મારૂ સાથે ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઈ બાળા, લાલજીભાઈ હાડગડા, જયદિપસિહ બોરાણા, ભાનુશંકરભાઈ ધાંધલા, પંકજભાઈ માળી, રાજદિપભાઈ પટગીર, જગદિશભાઈ વાંક, વિશ્વજીતસિહ ઝાલા સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

## ધોરાજીમાં ૬૭ હજારના ગાંજા સાથે પેડલરની ધરપકડ

### ૩૯ કિલો ગાંજામાં અગાઉ પોલીસમાં પકડાયેલો પેડલર રૂા.૨૦૦૦ના કમિશનથી સુરતથી ગાંજો લાવતોઃ સુરતના શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં માદક પદાર્થોની હેરાફેરી કરતા પેડલરો અને નશાના કાળા કારોબાર સાથે સંકળાયેલા શખસો ઉપર ખાસ વોચ રાખવાની સુચના પગલે ગ્રામ્ય એસઓજીએ ધોરાજીમાં દરોડો પાડી એક કિલો લેખે ૨૦૦૦ રૂપિયા કમીશન લઇ સુરતથી ૬.૬૨૮ કિલોગ્રામ ગાંજો લાવનાર શખ્સને દબોચી લઇ સુત્રધારની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ જીલ્લામાં લોકસભા ચૂંટણી અન્વયે ગેરકાયદે માદક પદાર્થોની હેરાફેરી અટકાવવા અસરકારક કામગીરી કરવા એસપી જયપાલસિહ રાઠોડની સુચના અન્વયે પેટ્રોલીંગમાં રહેલ એસઓજી પીએસઆઈ ભાનુભાઈ મિયાત્રા સહિતના સ્ટાફને મળેલી બાતમી આધારે ધોરાજીના



રસુલપરામાં કુકડા કેન્દ્ર સામે રહેણાંક રહેતા મહમદ ઉર્ફે મમલો ગુલામહુશેનભાઈ શેખ ઉ.૫૬ના મકાનમાં દરોડો પાડયો હતો દરોડા દરમિયાન ઘરની જડતી લેતા ૬.૬૨૮ કિલોગ્રામ ગાંજો મળી આવતા ધોરાજી સીટી પોલીસમાં ગુનો રજીસ્ટર કરાવી તેની ધરપકડ કરી ૬૬,૨૮૦ રૂપિયાનો ગાંજો અને મોબાઈલ સહીત ૬૬,૭૮૦ રૂપિયાનો મુદામાલ કબજે કર્યો હતો પ્રાથમિક પૂછતાછમાં આ ગાંજો ધોરાજીના ફારુક ઈસ્માઈલભાઈ કલીવાલાએ મંગાવ્યો હોવાનું અને પોતાને એક કિલો દીઠ ૨૦૦૦ રૂપિયા કમીશન મળવાનું હોય પોતે સુરતથી લાવ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે ફારુકની શોધખોળ હાથ ધરી છે મહમદ અગાઉ જુનાગઢમાં ૩૯ કિલો ગાંજા સાથે પકડાઈ ચુક્યો છે.

## શીવરાજપુર માતાજીના માંડવામાંથી પરત આવતા યુવાનનું કારની ઠોકરે મોત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

શિવરાજપુર ગામે માતાજી નાં માંડવા માંથી પરત ફરી રહેલા બાઇક ચાલક યુવાન ને યુટીલીટી એ હડફેટ લેતા ઘટના સ્થળે મોત નિપજયું હતુ

ગોંડલ તાલુકા નાં શિવરાજગઢ મોવીયા રોડ પર ગત રાત્રીનાં માતેલાસાંઢ ની માફક દોડી રહેલી યુટીલીટી એ બાઈક ચાલક ને હડફેટ લેતા ગંભીર ઇજાઓ ને કારણે ઘટના સ્થળે તેનું મોત નિપજ્યું ૯ અ.

આ અંગેની માહિતી મુજબ મોવીયા માં શીતળામાતા ની ધારે રહેતા હેમંતભાઈ સવજીભાઈ સાંડપા ઉ.૩૧ ગત રાતે શિવરાજગઢ રોડ પર આવેલા ભાડેશ્વર મંદિરે માતાજી નાં માંડવા માં હાજરી આપી બાઈક પર મોવીયા પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રીનાં અગીયાર નાં સુમારે સામેથી આવી રહેલી જીજે ૧૪ એક્સ ૧૮૪૬ નંબર ની યુટીલીટી નાં ચાલકે બાઈક ને હડફેટ લેતા બુરી રીતે ફંગોળાયેલા હેમંતભાઈ નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.અકસ્માત સર્જી યુટીલીટી ઘટના સ્થળે મુકી ચાલક નાશી છુટયો હતો.

અકસ્માત બાદ મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. અકસ્માત નો ભોગ બનેલા હેમંતભાઈ બે ભાઈઓ નાં પરીવાર માં નાના હતા. પરણીત હતા અને સંતાન માં બે પુત્રો છે. મજુરીકામ કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. બનાવ નાં પગલે પરીવાર શોકમગ્ન બન્યો હતો. બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાજકોટ, ધોરાજી અને ફરેણીના ત્રણ શખ્સોએ વૃધ્ધના રૂા.૧૫ લાખના શેર બારોબાર વેચી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે આવેલ સીધ્ધરાજ જોલ્ડમાં રહેતા નરેન્દ્રભાઈ ધીરજલાલ સાદરાણી નામના વૃધ્ધે રાજકોટમાં રહેતા મહેન્દ્ર જયરાજભાઈ ધાંધલ, ધોરાજીનો અમિત અમૃતલાલ સુચક, ફરેણી ગામનો અશોક વલકુભાઈ સેખવા સહિતના ત્રણ સામે ૧૫ લાખની કિંમતના ૧૮૬૯ શેર ફીજ કરાયેલ ડીમેટ એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરાવી વેચી નાખી નાણા લઈ જઈ ફરાર થઈ ગયાની રાજકોટ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે.

નરેન્દ્રભાઈએ ૨૦૦૩ પહેલા જૂનાગઢ ખાતે અગજપ્રા. લી. નામની કંપનીમાં ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું જેની વડી કચેરી રાજકોટની પંચનાથ મંદિર પાસે આવેલ હતી તેમા કામ કરતા મહેન્દ્ર ધાંધલે બોગસ ડોક્યુમેન્ટ અને બનાવટી સહી કરીને ડીમેટ એકાઉન્ટમાંથી શેર ટ્રાન્સફર કરી દીધા હતા અને તેને વેચીને અમિત સુચકના એકાઉન્ટમાં જમા કરી ઉપાડી લીધા હતા આમ આ ત્રણે શખસોએ ૧૫ લાખની છેતરપિંડી કરતા પોલીસે ત્રણેની શોધખોળ કરી છે.

## ગ્રીનલેન્ડ ચોકડી પાસે સ્કૂલે જતી સગીરાની બાવાજી શખ્શે છેડતી કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ માલધારી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતી પરણીતાએ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેની સગીર ની પુત્રી સ્કૂલે જતી હોય ત્યારે મચ્છાનગર માં ખોડીયાર ગૌશાળા ની બાજુમાં રહેતો કરણ સુરેશદાસ રામાવત નામનો બાબાજી શખ્સ તેની પાછળ પાછળ જઈ આંખ મારી ગંદા ઇશારા કરી સગીરાનો હાથ પકડી જાહેરમાં છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઇ એબી ચૌધરીએ બાવાજી સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે